ગાંધીનગર સમાચાર

# જન્મદિને વધામણી



રાજેશ મહેડુ



શરદ કરુણાશંકર રાવલ
જ્યોતિષી
મો. ૯૪૨૯૧ ૩૫૨૨૨, ૯૮૭૯૦ ૩૩૯૦૪



ધી સચિવાલય સહકારી ઉપહાર ગૃહની ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી ગૃહના સભ્ય પરિવારો દ્વારા અનોખી રીતે કરવામાં આવી હતી. સભ્યો તથા તેમના પરિવારજનો પેથાપુર ખાતે કાર્યરત કૈલાસધામ વૃધ્ધાશ્રમ ખાતે ગયા હતા, જ્યાં તેમણે વૃધ્ધોને મનપસંદ ભોજન કરાવ્યું હતું અને તેમની જરૂરિયાત પારખી એક વૉટરકૂલર તેમને ભેટમાં આપ્યું હતું. 'સમાજને આપવાના' આ ઉમદા કાર્યમાં ઉપહાર ગૃહના પ્રમુખ પ્રદીપસિંહ બિહોલા, વાઈસ પ્રેસિડેન્ટ પ્રદ્યુમનસિંહ વાઘેલા, જનરલ સૅક્રેટરી ચંદ્રેશ પટેલ, મૌલિક પટેલ, રિતિન મોદી, બી ટી વાઘેલા, અશ્વિન વ્યાસ, ધર્મેશ કહાર પોતાના પરિવાર સાથે જોડાયા હતા.

# પ્રેરણા વિદ્યાલયના બે વિદ્યાર્થીઓ દોડની સ્પર્ધામાં રાજ્યકક્ષાએ પહોંચ્યા

ગાંધીનગર, તા. ૨

સૅક્ટર-૫ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયના બે વિદ્યાર્થીઓ દોડની સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ વિજેતા બની રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે.

પ્રિન્સિપાલ મનિષભાઈ ખત્રીએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે અમારા માટે એ ગૌરવની બાબત છે કે શાળાના વિદ્યાર્થી વિશ્વજિતસિંહ કરણસિંહ બામણ્યા ૧૫૦૦ મીટર દોડની સ્પર્ધામાં તથા પ્રવિણ દલપતભાઈ સંગાડા ૪૦૦ મીટર દોડની સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા અને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે તેમણે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી.

રાજ્યકક્ષાની સ્પર્ધા આગામી તા. ૪ નવેમ્બરના રોજ દેવગઢ બારિયા ખાતે યોજાઈ રહી છે.

શાળા પરિવાર તથા ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા તરફથી શાળાનું નામ રોશન કરનારા આ બંને વિદ્યાર્થીઓને બિરદાવવામાં આવ્યા હતા, અભિનંદન પાઠવવામાં આવ્યા હતા તથા તેમને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પણ પાઠવવામાં આવી હતી.

# 'ફિલોસૉફી ઑફ નેચર' વિષયે ચિત્ર પ્રદર્શન ગાંધીનગરમાં યોજાયું



ગાંધીનગર, તા. ૨

જિલ્લાના માણસા તાલુકાના આજોલ ગામના વતની રોહિત ધીરજકુમાર દ્વારા તૈયાર કરવામાં આવેલાં ચિત્રોનું 'ફિલોસૉફી ઑફ નેચર' વિષયક ચિત્ર પ્રદર્શન જિલ્લા પુસ્તકાલય, સૅક્ટર-૨૧ ખાતે યોજવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સૌજન્યથી આયોજિત આ ચિત્ર પ્રદર્શનનનું ઉદ્‌ઘાટન રાજ્ય ગ્રંથાલય નિયામક કૌશિક શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂર્વ સાંસદ રતિલાલ વર્મા તથા અગ્રણી લેખક ડૉ. કેશુભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા.

ફાઈન આર્ટ્સની ડિગ્રી ધરાવતા રોહિતભાઈ આમ તો નિવૃત્ત સરકારી અધિકારી છે, પરંતુ તેમને પેઈન્ટીંગ, કવિતા, સામાજિક કાર્યો અને આધ્યાત્મિક જગતની ખોજનું અધ્યયન કરવામાં ખૂબ રસ છે. તેમણે ચાઈલ્ડ કલ્ચર, વિકલાંગતાથી સંઘર્ષ, યુથ કલ્ચર જેવા વિષયો આધારિત ચિત્રોનાં પ્રદર્શનો સફળતાપૂર્વક યોજ્યાં છે. અને હવે એમનું ચિત્ર પ્રદર્શન ફિલોસૉફી ઑફ નેચર વિષયે યોજાયું, જેમાં પ્રકૃતિ તથા કથિત દાર્શનિક તત્ત્વજ્ઞાન અને તેની લીલાની અપાર શક્તિ, જીવ જગતનું સત્ત્વ, તત્ત્વ, અસિત્ત્વનાં આધ્યાત્મિક સત સ્વરૂપ દર્શાવવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ પ્રદર્શનમાં ૬૦ જેટલાં ચિત્રો સમાવવામાં આવ્યાં હતાં, જે સાદા, સરળ રંગો અને રેખાઓના માધ્યમથી માનવજાતના સ્વભાવ, ગુણધર્મ, કર્મ અને ધર્મની ઓળખ કરી સત માર્ગ પર ચાલવાનો સંદેશ આપતાં હતાં.

ઉલ્લેખનીય છે કે રોહિતભાઈ ૩૩ વર્ષથી ચિત્રકારીમાં પ્રવૃત્ત છે અને સમગ્ર દેશમાં ૩૯ જેટલાં ચિત્ર પ્રદર્શનો એકલ પંડે યોજીને એમણે અનોખી સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

# સ્કૂલ ઑફ અચિવર ખાતે 'અચિવર પરિવાર સંબંધોત્સવ'



ગાંધીનગર, તા. ૨

સ્કૂલ ઓફ અચિવર પરિવારમાં માનવસંબંધોનું વિશેષ જતન થાય છે, જે સંસ્થા- સંગઠન માટે અતિ અનિવાર્ય હોય છે. પ્રતિવર્ષ કર્મચારીઓનો સપરિવાર મિલન સમારોહ ઉજવાય છે. આ વર્ષે પણ તા. ૩૦ મી ઓક્ટોબરે આ સમારોહ 'અચિવર પરિવાર સંબંધોત્સવ-૨૦૧૫' ના શીર્ષક હેઠળ યોજાઈ ગયો. સેવકગણથી માંડી ક્લાર્ક, શિક્ષક, પ્રિન્સીપાલ તથા ટ્રસ્ટીમંડળ સૌ પરિવારના સભ્યો સહિત સ્કૂલ ઓફ એચિવર- સેન્ટર કોર્ટયાર્ડમાં સાંજે મળ્યા ત્યારે દૃષ્ટિગોચર થતો હતો સૌનો ઉમંગ-ઉલ્લાસ અને એકમેકનો સ્નેહ.

પ્રથમ સેશન રમત-ગમતનો હતો. ફલાઈંગ ફોકસ, બન્ઝી જમ્પીંગ જેવી એડવેન્ચર ગેમ્સ ઉપરાંત બુક બેલેન્સીંગ, ઓબ્જેક્ટ રેસ જેવી ફન ગેમ્સમાં ઉંમરને પણ અવગણી સૌ પરિવારજનોએ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો.

ત્યારપછી ક્રમ હતો ભોજનનો. સ્નેહપૂર્ણ ભોજન સમૂહમાં લેવાનો આનંદ જ કંઈ ઓર હોય છે. ભોજન પછી ગીત-સંગીત-નૃત્યમાં સૌ પરિજનો વ્યસ્ત થયા. મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રજ્ઞેશભાઈના સદભાવને ઈશારે પ્રત્યેક ઈશારેદારે મંચ પર આવી 'કરોકે' સિસ્ટમને સહારે ગીત રજૂ કર્યું. કેટલાક સભ્યોએ સમૂહમાં સુંદર ડાન્સ રજૂ કર્યો. છેલ્લે ગરબા તો હોય જ ! આબાલવૃદ્ધ સૌ સભ્યો સાથે મળી ગરબાના તાલે ઝૂમ્યા. આજનો દિવસ સ્કૂલ ઓફ અચિવરના સંબંધગુંફન માટે ખૂબ સૌભાગ્યશાળી દિવસ હતો.

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૨**
મૈં ઔર ચાર્લ્સ
૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ગૂઝબમ્પ્સ (અંગ્રેજી ૩ડી)
૧૨.૩૦, ૫.૦૦, ૯.૪૫
ગૂઝબમ્પ્સ (હિન્દી ૩ડી)
૨.૪૫, ૭.૧૫

**સ્ક્રીન-૪**
શાનદાર
૧.૦૦
ગુડ્ડુ કી ગન
૪.૦૦, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦

**સ્ક્રીન-૫**
મૈં ઔર ચાર્લ્સ
૧૦.૦૦, ૧૨.૪૫
શાનદાર
૬.૪૫
પ્યાર કા પંચનામા
૩.૪૫, ૧૦.૧૫

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશન દ્વારા આયોજિત

# જિલ્લાકક્ષાની આંતર શાળાકીય કરાટે સ્પર્ધામાં હિલવૂડ સ્કૂલ ચેમ્પિયન

ગાંધીનગર, તા. ૨

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગાંધીનગરનાં સહયોગથી ઈન્ટરસ્કુલ કરાટે ચેમ્પિયનશીપ સેન્ટ ઝેવિયર્સ સ્કુલ, સેક્ટર-૮ ખાતે યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગર જિલ્લાની વિવિધ ૨૩ શાળાઓનાં ૧૨૧ ચુનંદા ખેલાડીઓએ ભાગ લીધો હતો.




વિવિધ ઉંમર, વજન અને બેલ્ટ કેટેગરીમાં યોજાયેલી આ સ્પર્ધામાં શાળાનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ તેમના કૌશલ્યો અને સાહસનું પ્રદર્શન કર્યું હતું. ૩૧મી ઓક્ટોબરનાં રોજ સવારથી સાંજ સુધી ચાલેલી આ સ્પર્ધામાં સેક્ટર-૨૫ જીઆઈડીસી વિસ્તારમાં આવેલ હિલવુલ સ્કુલનાં વિદ્યાર્થીઓએ ૭ ગોલ્ડ, ૫ સિલ્વર અને ૧૧ બ્રોન્ઝ મેડલ્સ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે લેંકાવાડા સ્થિત ચૈતન્ય સ્કુલનાં વિદ્યાર્થીઓએ ૪ ગોલ્ડ અને ૪ બ્રોન્ઝ મેડલ્સ મેળવી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

સ્પર્ધાનો પ્રારંભ સેક્ટર-૭ સ્થિત પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેક્ટર કે. એમ. પ્રિયદર્શી દ્વારા કરાવવામાં આવ્યો હતો. ઉદ્‌ઘાટન સમારોહમાં કરાટે અકેડમીના વડા શિહાન અરવિંદભાઈ રાણા, સેન્ટ ઝેવીયર્સ સ્કુલનાં આચાર્ય ફાધર હેક્ટર, રોટરી ક્લબના પ્રમુખ મનોજભાઈ સરૈયા, પૂર્વ પ્રમુખ યુવરાજસિંહ વાઘેલા, અમીબહેન શાહ, ચીફ ઈન્સ્ટ્રક્ટર સેનસાઈ ગૌરાંગભાઈ રાણા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.



શિહાન અરવિંદભાઈ રાણાએ અતિથિઓને આવકારી કરાટે સ્પર્ધાનાં આયોજન તથા સ્પર્ધાની ઉપયોગીતા વિષે સમજણ આપી હતી. છેલ્લા પાંચેક વર્ષોથી રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર પણ આ સ્પર્ધાના આયોજનમાં સહભાગી બની રહી છે તે બદલ તેમણે રોટરી ક્લબને બિરદાવી હતી. સમાપન સમારોહ પ્રસંગે કેટલીક ફાઈનલ ફાઈટ્સ અતિથિઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવી હતી. ત્યારબાદ વિજેતા ખેલાડીઓને મંચસ્થ મહાનુભાવોના હસ્તે મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા. અંતમાં સૌથી વધુ ગોલ્ડ મેડલ્સ મેળવી વિજેતા બનેલી હિલવુડ સ્કુલની ટીમને વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન અરવિંદભાઈ રાણા, કરાટે અકેડમીના સરક્ષક જગતભાઈ કારાણી, યુવરાજસિંહ વાઘેલા તથા રોટરી ક્લબ ઓફ કેપિટલના પ્રમુખ મનોજભાઈ સરૈયાનાં વરદ હસ્તે ચેમ્પીયન ટ્રોફી તથા દ્વિતીય સ્થાને રહેલી ચૈતન્ય સ્કુલની ટીમને રનર અપ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

# દેશની પ્રથમ બગ્સ એક્સપ્લોરેશન ઈવેન્ટના આયોજકો પૈકી ત્રણ યુવાનો ગાંધીનગરના




આજે મોટાભાગનું કામ ઈન્ટરનેટ આધારિત થઈ ગયું છે. નાના ઉદ્યોગોથી માંડીને મલ્ટીનેશનલ કંપનીઝ ૨૪ કલાક ઈન્ટરનેટથી જોડાયેલી હોય છે અને હૅકર્સ આ કંપનીઝને ટાર્ગેટ કરતા હોય છે. હૅકર્સ દ્વારા આ કંપનીઝની વેબસાઈટ, ઍપ્લિકેશન કે પ્રૉડક્ટ પર એક સામાન્ય ક્ષતિ (બગ) શોધી લે છે અને પછી તેનો ગેરલાભ ઉઠાવે છે.

અલબત્ત, કેટલાક હૅકર્સ મદદરૂપ થનારા પણ હોય છે, જેઓ કંપનીઝના આવા બગ્સ શોધીને પછી કંપનીઝને જાણ કરે છે કે તમારી સિસ્ટમમાં આવા બગ્સ છે અને તેનાથી તમને આ પ્રકારનું નુકસાન થઈ શકે છે. દુનિયાની કંપનીઝ આવી મદદ કરનારા હૅકર્સને વળતર રૂપે ભેટ, ઈનામ આપે છે, જેને બાઉન્ટી કહેવામાં આવે છે.

ખ્યાત મોબાઈલ ફોન કંપની નોકિયાએ પોતાની સિસ્ટમમાં બગ શોધી કાઢનાર હૅકર્સને બાઉન્ટી રૂપે નોકિયા લ્યુમિયા ૫૩૦ ભેટમાં આપ્યો હતો, તો ગૂગલ ક્રોમે પોતાની સિસ્ટમમાં બગ શોધીને જાણ કરનાર હૅકરને ૧ મિલિનય યુઍસ ડૉલરની ભેટ ધરી હતી. વિશ્વની ખ્યાત કંપનીઝ જ્યારે પોતાની કોઈ નવી સિસ્ટમ લૉન્ચ કરે છે ત્યારે તેઓ બગ્સ બાઉન્ટી પ્રોગ્રામ ચલાવે છે અને બગ્સ શોધી આપનાર હૅકર્સને મોટી ભેટ પણ આપે છે. પરંતુ, આનાથી ભવિષ્યમાં થનારા મોટા હૂમલાથી અને તેને કારણે થતા મોટા નુકસાનથી કંપની બચી જાય છે અને તેની સિસ્ટમ સિક્યોર થઈ જાય છે એ ફાયદો તેને મળે છે.

આ વર્ષે જ ભારતની જાણીતી મ્યુઝીક વેબસાઈટ ગાના ડૉટ કૉમમાં એક હૅકરે બગ શોધી કાઢીને વેબસાઈટનો તમામ ડેટા ઑનલાઈન મૂકી દીધો હતો, જ કારણે ઘણો ઉહાપોહ થયો હતો. આવી ઘટનાઓ ન બને તે માટે અમેરિકન કંપનીઝે બગ બાઉન્ટીની શરૂઆત ૨૦૧૦માં કરી હતી.

ભારતીય વ્યક્તિઓ, કંપનીઝને પણ બગ્સથી કોઈ મોટું નુકસાન ન પહોંચે તે માટે ગત માસના રોજ અમદાવાદમાં 'બગ્સ ઍક્સપ્લોરેશન ઈવેન્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેશભરમાંથી આવેલા આઈટી ઍક્સપર્ટ્સે ભાગ લીધો હતો.

સમાચાર એ છે કે આ દેશની સૌપ્રથમ બગ્સ ઍક્સપ્લોરેશન ઈવેન્ટ હતી અને ગાંધીનગર માટે સમાચાર એ છે કે આ ઈવેન્ટનું આયોજન કરનારા પાંચ યુવાનો પૈકી ત્રણ યુવાનો ગાંધીનગરના છે.

સૅક્ટર-૩૦ના રહેવાસી વિરલ પરમાર, જયસિંહ પરમાર, કુડાસણના રહેવાસી પાર્થ જોષી અને અમદાવાદના રહેવાસી નિરવ પટેલ તથા પરેશ પરમાર દ્વારા આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

દેશભરમાંથી આવેલા ૧૫૦ જેટલા આઈટી ઍક્સપર્ટ્સ આ ઈવેન્ટમાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાં ૧૦ યુવતિઓ પણ સામેલ હતી.

સૌએ સાથે મળીને બગ્સ બાઉન્ટી અંગે ચિંતન કર્યું હતું અને તેને અસરકારક બનાવવા વિશે પોતાનાં મંતવ્યો પ્રગટ કર્યાં હતાં.

સમગ્ર ઈવેન્ટ દરમ્યાન ભાગ લેનારા આઈટી ઍક્સપર્ટ્સને બગ્સ ઍક્સપ્લોરેશનની તાલીમ આપવામાં આવી હતી અને ત્યારબાદ તેમને પ્રૅક્ટીકલ અર્થે એક ટાર્ગેટ પણ આપવામાં આવ્યો હતો, જેમાં તેમણે બગ શોધીને આપવાનો હતો. ટાર્ગેટ ઍચીવ કરનારને ૫૦ હજારનું રોકડ ઈનામ, ટ્રૉફી અને પ્રમાણપત્રની ઑફર કરવામાં આવી હતી.

અમદાવાદનો યુવાન દક્ષ ભરતભાઈ પટેલ કે જે એક કૉમ્પ્યુટર ઍન્જિનીયર છે તે આ સ્પર્ધા જીતી ગયો હતો અને ૫૦ હજારનું ઈનામ પ્રાપ્ત કરી ગયો હતો. ઉલ્લેખનીય છે કે દેશભરમાં યોજાતી આવી વિવિધ આઈટી ઈવેન્ટ્સમાં ભાગ લઈ દક્ષ અનેકવાર આવાં મોટાં ઈનામો જીત્યો છે. પંદર લાખની રકમ તે આવી રીતે જીત્યો છે!





# ઍમ બી પટેલ સ્કૂલ ખાતે યોજાયો પ્રદૂષણ મુક્ત દિવાળી અંગે કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૨

પ્રદૂષણ મુક્ત દિવાળી ઉજવવા અંગેનો એક કાર્યક્રમ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત મૃદુલાબેન ભરતભાઈ પટેલ કન્યા પ્રાથમિક શાળા ખાતે યોજવામાં આવ્યો હતો.

મિશન જયહિંદ ગૃપના સભ્ય રૈવલ વૈદ, વૈશાલ પટેલ, રાહુલ સુખડિયા, જિજ્ઞેશ ઠક્કર, તન્મય પટેલ દ્વારા આ કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો, જેમણે શાળાની ૧૫૦૦ જેટલી વિદ્યાર્થીનીઓને પ્રદૂષણ દિવાળીની ઉજવણીનું મહત્ત્વ સમજાવ્યું હતું. ફટાકડા ફોડવાથી વાતાવરણ કેટલું પ્રદૂષિત થાય છે અને તેનાથી આરોગ્ય પર કેવી ખરાબ અસર થાય છે તે બાબતની વિશદ્ ચર્ચા તેમણે વિદ્યાર્થીનીઓ સમક્ષ કરી હતી અને પ્રદૂષણ મુક્ત દિવાળી ઉજવવાની તેમને શીખ આપી હતી.

કાર્યક્રમના અંતે શાળાનાં આચાર્યા નીરૂબેન જે પટેલે વિદ્યાર્થીનીઓને આ શીખનું પાલન કરવાની સલાહ આપી હતી તથા મિશન જયહિંદ ગૃપના સભ્યોનો આ અનોખા કાર્યક્રમના આયોજન બદલ આભાર માન્યો હતો.